આર્ય સુબોધ માળા.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર,

જગ હિતેચ્છુ ભાટીયા

.. માવજી વિ. હરીદાસ યદુવંશી.

રહેવાશી કચ્છ—માંડવી.

કાપડના વેહેપારી.

દોહરો.

વાંચો બોધ આ સૌ જનો, ધરી અંતરમાં ખાસ,
ઉત્તમ પદવી પામશો, નિશ્ચે રાખો આશ.

અમદાવાદ

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

સંવત ૧૯૫૬. સન ૧૯૦૦.

આર્ય સુબોધ માળા.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર,

જગ હિતેચ્છુ ભાટીયા

ઠા. ભાવજી વિ. હરીદાસ યદુવંશી.

રહેવાશી કચ્છ—માંડવી.

કાપડના વેહેપારી.

દોહરો

વાંચો બોધ આ સૌ જનો, ધરી અંતરમાં ખાસ,

ઉત્તમ પદવી પામશો, નિશ્ચે રાખો આશ

અમદાવાદ

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

સંવત ૧૯૫૬. સન ૧૯૦૦

ભેટ.

આ ચોપડી મારા પ્રાયબંધુ સર્વે યદુવંશી ભાટીયાભાઇઓને પ્રેમપૂર્વક યાદદાસ્તો માટે ભેટ કરૂં છું તે સર્વે ભાઇઓ માન્ય રાખશો

લી. ડા. માવજી હરીદાસ.
કર્ત્તા

અર્પણ પત્રીકા.

શ્રી કૃષ્ણના વંશમાથી પેદા થયેલા અને સર્વે જ્ઞાતિમા શિરોમણી મારા યદુવંશી સર્વ જ્ઞાતી ભાઇઓ ભાટીયા જ્ઞાત સમસ્તને હુ વિનંતી કરૂ છુ કે મારી રચેલી આ નહાની અસરકારક બોધ-માળાની ચોપડી આપ સાહેબોને હુ પ્રેમપુર્વક અર્પણ કરૂ છુ તે સ્વીકારશો .

લી. આપનો સદા હિતેચ્છુ

માવજી વિ. હરીદાસ.

યદુવંશી ભાટીયા મિત્રમંડળનો સભાસદ.



પ્રસ્તાવના.

આ દુનિયામાં જન્મ ધરીને બચ્ચાંઓને ન્હાનપણે કેવી રીતે ચાલવું. તેમજ યુવાન બાળકો તથા બાળકીઓને કેવી રીતથી વરતવું જોઇએ તે વિષેનો અસરકારક બોધ આ ચોપડીમાં દરસાવેલ છે. તે ઉપરાંત સઘળા માણસો સ્ત્રીયો તેમજ પુરૂષો તથા બાળકો અને બાળકીઓ સરવેને આપણા પેદા કરનાર તથા આપણા પાલનકર્તા પરમેશ્વરને ઓળખવાની ને તેની ખરા દિલથી ભક્તિ કરવાની, સર્વેને સઉથી પેહેલી ફરજ છે તે દયાળુ મહાપ્રભુ આપણી કેટલી સંભાળ રાખેછે તે બધાં જાણે છે; માટે ન્હાના મહોટા સર્વે જણાઓએ તે મહાપ્રભુની ખરા અંતઃકરણથી ને એક નિષ્ટાથી પ્રેમપુર્વક ભક્તિ કરવી; એજ મોક્ષ મળવાનો, સૌથી સેહેલો રસ્તો છે તેથી આ ચોપડીમાં મારી યથાશક્તિ મુજબ ગધ પધરૂપે કેટલાક ઇશ્વરભક્તિના પદો રચી બહાર પાડ્યા છે તથા કેટલાક નિતી ઉપયોગી વિષયો દાખલ કર્યા છે માટે સર્વે ગ્રહસ્થો આ ચોપડીનો ઉત્તમ લાભ લેશો. એજ વિનંતી

મા + હ

આર્ય સુબોધ માળા.

મંગલાચરણ.

ઇશ્વર સ્તુતી.

શાર્દુલ વિક્રીડિત છંદ

મોહોટો તુ જગમા ખરે, સરવથી,
તારા વિના બીજો નહી,
દેખુછુ હુ જ્ઞાન દ્રષ્ટી થકી;
દીશે દયાલુ તુ સહી
જે જેવુ ઇચ્છે તને; ફળ તેને.
તેવુ તો નક્કી મળે;
સર્વેની મન કામના તુ પૂરે,
તેથી કૃપાળુ ખરે.
માટે હે પ્રભૂ સદા વિનતી કરૂં;
બે હાથ જોડી કરી,
માવજી કહે કૃપા રાખજો હમપરે;
હે પ્રભુ સર્વોપરી.

આ દુનિયામા બચ્ચાંઓને કેવી રીતથી નહાનપણુમાં વરતવું જોઇએ તે વિશે શિખામણુની કવિતા બાળકોને ઉપયોગી થવા નીચે મુજબ લખી છે. તે વાંચી તે મુજબ વરતવા સૌના માબાપો પોતાના તનુજોને બોધ અપાશે, તો બાળકો મોટા થતા પ્રખ્યાતિ પામશે. એ ખચિત માનવું

ચોપાઇ.

ઉઠો સવારે વહેલા વીર, સમરો ઇશ્વર ધરીને ધિર.
પછી શીખવા બેસો પાઠ, મનમાં તેથી મટે ઉચાટ.
માતપિતાને લાગો પાય, જવા નિશાળે લ્યો આજ્ઞાય.
નિત્ય સવારે ભણવા જાઓ, મહેનત લઈ ઉદ્યોગી થાઓ
નિત્ય નવો શીખો અભ્યાસ, આળસ મનથી તજીને ખાસ.
ગુરૂની આજ્ઞા માનો ભ્રાત, એથી રીઝે જગનો તાત.
સુધરે એમ કરેથી મન, બુદ્ધી તો વધસે દિન દિન
એકજ પ્રભુની કરજો સેવ, એજ આપણો મહોટો દેવ
તેની કૃપાની રાખો આશ, માફ કરે પાપો તે ખાસ
જેણે પેદા કીધા જાણુ, તે પ્રભુને ભજજો નિર્વાણુ
એ નિશ્ચે જાણો પરમાણુ, માત્રજી કહે થાજો સુજાણુ.

દોહરો.

નિતી વચન તમને કહું, સાભલજો ધરિ ભાવ,
સારી ચાલે ચાલિને, લેજો શુભ યશ લાવ.

હરીગીત છંદ.

હિત વાકય સ્નેહથી સાભળી, સઉ ઉર વિષે વિચારજો;
વલિ ગ્રહણ કરજો સાર તે લે, સમ બુદ્ધિને વધારજો.
ધરી ખત ભણવામાં તમે, મન કેલવણીમાં રાખજો
શુભ કામછે એ આપણો, નીતી મર્યાદા રાખજો. ૧
બચપણ વીશે શીખવા તણો, કરશો તમે જો મહાવરો;
વય પંદર શોળ શીખીને, ઊધમ વિશે મન આદરો.
વિચાર કરી વેપાર કરજો, તિમ બુધ્ધિ ધારજો; શુભ. ૨
પિતુ માતની તો ફરજ શી છે, સાંભળો ભાવે કરી;
નિજ તનુજને વિદ્યા ભણાવી, બોધ આપે સ્નેહ ભરી.
સમજાવી નિતી અનિતીની;ખડ સોબતો અટકાવજો. શુભ. ૩

તેમ પુત્રની પણ ફરજ એ, પિતુ માતની સેવા કરો;
આગ્ના પ્રમાણે ચાલીને, માબાપની ચિંતા હરો
સાચે મને શેવા કરો; કરી નમન પાયે લાગજો. શુભ ૪
કરશો નહીં ભુંડા જનોની, સોબતો વિરા તમે;
જે હોય રૂડા જન તેની, પ્રિત કરજો સૌ તમે,
શુભ સંગ સાર રખો ઘણો,સદ્‌બીજ ભવમા વાવજો.શુભ ૫
ન કેફ કરશો કંઈ કદી, ચિત ચાહજો રૂડુ તમે;
નથી સાર એમાં વીર જાણો, અધીક એથી મન ભમે
નવ ગ્રહણ કરશો કેફી વસ્તુ,કિંચિત એ નહી ચાખજો.શુભ ૬
જુગારમાં નહીં ચિત્ત ધરશો, ધિક્કારજો મનથી કરી;
નથી સાર એમાં ખચીત જાણો, વાત કહું છું હુ ખરી.
જુગારી ખત્તા ખાય નિશદિન,ઠામે સકલ નિંદાય જો શુભ ૭
ચોરી કરેથી ભૂપ દંડે, આબરૂની હાણજો;
બદલાજ સમજો જો ચોરીમાં, મુજ વાત સાચી માનજો;
તે માટે મારા ભાઈ સમજી, સરળ પંથે ચાલજો શુભ. ૮
કુદરત તણી કરૂણા થકી, મળી સાત ઈંદ્રી આપને;
જીતાય તો શુભ મિત્રછે, અજીતાય દે સંતાપને.
ગુરૂ સહાય વિણ એ તિવ્ર ઈંદ્રી;થાય વશનહીં આપજો.શુભ. ૯
આ ભવ મધે સુખીયા થવાનો,એજ રસ્તો છે ખરો,
મન વચન કર મેં શુદ્ધ ભાવે,ગુરૂ તણી સેવા કરો.
સદ્‌ગુરૂ પ્રતાપે ભવજળ તરશો, સાર એ છે જન્મનું;
કહે માવજી સૌ ધ્યાન ધારો, ગ્નાન રાખો કર્મનું.
કરોધ્યાનપ્રભુ ધર્મનુંએકચિત્તે; ટળેપાપસંતાપજો. શુભ ૧૦

આ કવિતા દરેક માબાપોએ પોતાના બાળકોને મોહોડે કરાવવી. જેથી તેના અંતઃકરણમાં દરેક નિતીના શબ્દો હમેશાં ઠરયા રહે. અને મોહોટા થતાં તેઓ નિતી સદ્‌ગુણમાંજ વરતે. એમ કરવાથી બચ્ચાંઓને ઘણો અખુટ

લાભ નક્કી મળશે એ ખાત્રીથી જાણજો તેમજ આપણા ભાઇઓ વિદ્યા ભણ્યા પછી કિશોર અવસ્થામાં જ્યારે આવે છે ત્યારે કેટલાકોને સારી સોબત ન મળવાથી અંતે બગડી જાયછે તેવાઓની બુદ્ધી ન બગડે એ માટે સારી સારી બોધકારક ચોપડીઓ ઉગતા જુવાનોને હું વાંચવા ભલામણ કરૂં છું અને તેઓને ઉપયોગી બોધ થાય તે વિશે કવિતા નીચે લખી છે તે સર્વ બંધુઓ ધ્યાન આપીને પ્રમાણે ચાલશે તો કલ્યાણ થશે એ નિશ્ચે જાણજો

(બાપુ બોપ મને એ રાગમા)

પ્રીય બંધુ જનો, પ્રીય બંધુ જનો,
ધ્યાન દઈ હિતની શીખામણ ચિત્ત ધરો.
તમે વિષય વ્યસનને દૂર કરો,
વલી ઠઠ્ઠાને મશકરી પરહરો,
તો સુખી થઈ સુખ ઠામ ઠરો. પ્રીય ૧
વલી વિવેકની સંભાલ કરો,
દાંભીકપણાથી નિત્ય ડરો;
છોકર બુદ્ધિમાં નવ ઊતરો પ્રીય ૨
માબાપની આજ્ઞા માંહી રહો,
દુનિયામાં નિતી લાવ લહો,
યશકીર્તી મળવા હામ ભરો પ્રીય. ૩
મોહોટાની આજ્ઞા માન્ય કરો,
ગુરૂ શેઠ તણો બોધ ઊર ધરો,
કલ્યાણ થશે કહું સત્ય ખરો પ્રીય. ૪
અહંકાર અને અભીમાન તજો,
સદ્‌ગુણ અને સદ્‌નીતી સજો,
હલકાઈ અને તોછડાઈ તજો. પ્રીય. ૫
ઉનમત્તપણાને દૂર કરો,

મુરખાઈ મૂકી હુશીયારી ધરો,
જગમા સો સાથે સંપ કરો. પ્રીય. ૬
બુદ્ધીવાન થઈ ધન સગ્રહ કરો,
જગમાં ધનથી વધે માન ખરો,
નિજ કુટુંબ સાથે સંપ કરો પ્રીય. ૭
નિજ નારી સાથે નેહ ધરો,
પરનારીથી પ્રીત દુર કરો,
સહવાસ થશે જગમાહી ખરો પ્રીય. ૮
ઉત્તમ જન સાથે પ્રીત ધરો,
હલકા જનથી નહી પ્રીત કરો,
સારી સોબત ધરીને સુધરો પ્રીય. ૯
હલકી સોબત કરનાર થકી,
તોલ ઘટે એ જાણો નકી;
માટે તેનાથી રહો ખટકી. પ્રીય. ૧૦
ક્રોધી નવ થાશો કોઈ કદી,
માવજી કહે વારંવાર વદી,
છકી જાશો નહી આપ મદી. પ્રીય ૧૧
પ્રભુ ઊપર નિતે ભાવ ધરો,
નાસ્તિક થઇને નહીં પાપ ભરો;
આસ્તિક થઈ જગમાં ઠામ ઠરો. પ્રીય ૧૨

આ જગતમા જન્મ ધરીને નામના મેળવવી હોય કે વિભુતિ પામવી હોય તો નીચે લખેલા બાવન લક્ષણો પાળો.

૧ બોલવામાં સભ્ય થાઓ.
૨ હમેશાં સાચુજ બોલો
૩ પોશાક સાદો ને સ્વચ્છ રાખો.
૪ ઘર સાફ રાખો.
૫ દરેક ચીજ રાખવા જગા નીમો.

૬ શરીર સાફ રાખો.
૭ નિયમિત વખતે કામ કરો.
૮ પોતાની ટેક પોતાને કબજે રાખો
૯ સર્વ સાથે હેત મીઠાશ રાખો
૧૦ દુખી માણુસોને મદદ કરો.
૧૧ મોહોટા માણુસની અદબ રાખો
૧૨ અહંકારનો ત્યાગ કરો
૧૩ ઉદ્યોગી થાઓ
૧૪ આળસને તજો.
૧૫ સર્વ કેફથી દુર રહો.
૧૬ ચોરીથી અળગા રહો
૧૭ જુગારી થાઓ નહીં.
૧૮ વ્યભીચારી બનો નહીં.
૧૯ પર ઉપકાર સદા કરો
૨૦ ઉડાઉપણું રાખો નહી.
૨૧ અતીસે લોભી બનો નહી
૨૨ ક્રોધ કદી કરો નહી.
૨૩ સર્વ સાથે સંપ રાખો
૨૪ કુટુંબમાં સ્નેહ વધારો.
૨૫ નિજ ભાર્યામાં પ્રીતી ધરો
૨૬ પરનારીથી દુર રહો.
૨૭ શાસ્ત્રોનો અધ્યયન કરો.
૨૮ એક ઇશ્વરને ઓળખો.
૨૯ દેશાભીમાન રાખો.
૩૦ દેશાટન કરો.
૩૧ સર્વે હુનર શીખો.
૩૨ હીંમતથી કાર્ય કરો.
૩૩ હીચકારા બનો નહી.
૩૪ ઇરષાનો ત્યાગ કરો